GJDH030027832025

રજુ તારીખ : ૦૯/૧૦/૨૦૨૫
દાખલ તારીખ : ૦૯/૧૦/૨૦૨૫
જજમેન્ટ તારીખ: ૦૭/૦૩/૨૦૨૬
અવધિ :વર્ષ–માસ–દિન
૦૦– ૦૪–૨૬

નામદાર સુપ્રીમ કોર્ટના **SUO MOTO WRIT(CRL) NO.(S)** 1/2017 તથા ક્રિમિનલ મેન્યુઅલ ચેપ્ટર **VI** ના 179–**A** અન્વયેના નોટીફીકેશન નં.સી–૨૦૦૧–૯૩, તારીખ **:** ૨૦–૦૫–૨૦૨૨ ના ઠરાવેલ પર્ફોમા મુજબ.

**FORM–A**

---

દેવગઢ બારીઆના મહેરબાન એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. દેવગઢબારીઆ, જિલ્લો – દાહોદ.

---

શ્રી એસ. ઓ.ગર્ગ, એડિશનલ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, દેવગઢ બારીઆ.

ચુકાદાની તારીખ – **૦૭/૦૩/૨૦૨૬**

ક્રીમીનલ કેસ નંબર**: ૩૬૨૦/૨૦૨૫**

આંક–

| એફઆઈઆરની વિગતો/ ગુનો અને પોલીસ સ્ટેશન. | |
|---|---|
| પોલીસ સ્ટેશન | પીપલોદ પોલીસ સ્ટેશન |
| ગુનો | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૨૮૫ |
| તોહમતનામાં મુજબ તોહમત | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૨૮૫ |
| ફરિયાદી | શ્રી સરકાર |
| વિદ્વાન એ પી પી શ્રી | એસ. એમ. ડામોર |
| આરોપી | લક્ષ્મણભાઈ મોહનભાઈ પટેલ, ઉ.વ. ૪૭,<br>રહે. હીન્દોલીયા, ખેડી ફ., તા.દેવગઢબારીઆ, જી.દાહોદ. |
| આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી | એન.કે.ભુવાલીયા |

## FORM-B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ | ૧૬/૦૮/૨૦૨૫ |
| ફરિયાદની તારીખ | ૧૬/૦૮/૨૦૨૫ |
| ચાર્જશીટની તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ |
| તહોમત ફરમાવ્યા/ પ્લીની તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૦૯/૧૦/૨૦૨૫ |
| ચુકાદો સંક્ષિપ્તમાં રાખ્યા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| ચુકાદા તારીખ | ૦૭/૦૩/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ જો હોય તો | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. |

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુક્ત કરવામાં આવેલ હોય તો તેની વિગત | કયા ગુનાનો આક્ષેપ છે? | નિર્દોષ છોડવામાં આવ્યા હોય છે કે કસૂરવાર? | શું સજા કરી | ક્રિમિનલ પ્રોસિજર કોડ કલમ: ૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમિયાન કેટલો સમય કાચા કામના કેદી તારીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | લક્ષ્મણ ભાઈ મોહન ભાઈ પટેલ | – | – | ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ – ૨૮૫ | આરોપીને શંકાનો લાભ આપી છોડી મૂકવાનો હુકમ કર્યો. | – | – |

## FORM–C

ફરિયાદપક્ષ, બચાવપક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ.

ફરિયાદ પક્ષનો મૌખિક પુરાવો

(અ) ફરિયાદ પક્ષ તરફે

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી – ઈશ્વરભાઈ સોનીયાભાઈ ભરવાડ ની જુબાની. | ૧૦ |
| ૨ | પંચ સાહેદ – રંગીતભાઈ બુધાભાઈ પટેલ ની જુબાની. | ૦૫ |
| ૩ | પંચ સાહેદ – ભોપતભાઈ સોમાભાઈ ડાયરા ની જુબાની. | ૦૭ |

(બી) બચાવ પક્ષે જો સાહેદ હોય તો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

(સી) કોર્ટ તરફે સાહેદ.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

ફરિયાદપક્ષ તરફે આંકે પાડેલ દસ્તાવેજી પુરાવો

| અ.નં | | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદ | ૧૧ |
| ૨ | આરોપીની શરીર સ્થિતિનું પંચનામું | ૦૬ |

બચાવપક્ષ તરફે આંકે પાડેલા દસ્તાવેજો

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

કોર્ટ તરફે આંકે પાડેલા દસ્તાવેજી પુરાવા.

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| – | – | – |

મુદ્ધામાલની વિગત

| અ.નં. | વિગત |
|---|---|
| – | – |

–:જજમેન્ટ :–

1. ફરિયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તારીખ ૧૬/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૧૨:૪૦ વાગે આ કામના આરોપીએ મોજે. બારીઆ રોડ પીપલોદ સરકારી દવાખાને પો રોડ ઉપર પોતાના કબજા કબજાની થ્રી વ્હીલર રીક્ષા નં. જી.જે.૨૩.વાય.૩૦૮૦ નો ટ્રાફીક થાય તે રીતે તથા આવતા જતાં રાહદારીઓને અડચણ થાય તે રીતે રોડ ઉપર ઉભી રાખી પકડાઈ જઈ ગુનો કરેલ છે. જેથી આ કામના ફરિયાદીએ સદર બનાવ અંગેની ફરિયાદ પીપલોદ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ છે.

2. ફરિયાદીની સદર ફરિયાદ પીપલોદ પોલીસ સ્ટેશને પાર્ટ બી ગુના રજીસ્ટર નંબર ૧૦૧ ૮/૨૦૨૫ થી નોંધી આ ફરિયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીને તપાસ મળતા તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપીની શરીર સ્થિતિનું પંચનામું તથા સાહેદોના નિવેદનો નોંધેલ તથા તપાસ કરીને તપાસના અંતે આરોપીની સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ (જેને હવે ટુંકમાં બી. એન. એસ. તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૮૫ મુજબના ગુના સબબના પુરતા પુરાવાઓ પડેલ હોય તે બદલનું ચાર્જશીટ ફાઇલ કરેલ છે.

3. આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ ફાઇલ થતા ગુનાની ઈન્સાફી કાર્યવાહી ચલાવવા માટે સમન્સ કાઢવામાં આવતાં આરોપી તેના વિધ્વાન વકીલશ્રી મારફતે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ (જેને હવે પછી ટુંકમાં બી.એન.એસ.એસ.–૨૦૨૩ તરીકે સંબોધેલ છે) ની કલમ–૨૩૧ મુજબ પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મૂલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૭૪, મુજબ આરોપીને તેઓની સામેનો ગુનો વાંચી સમજાવી સંભળાવીને આંક–૦૪ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેની સમક્ષનાં ગુનાનો ઈન્કાર કરતાં આરોપી સામેનું તહોમત પુરવાર કરવા ફરિયાદ પક્ષના પુરાવા માટે તારીખ નિયત કરી કાયદા મુજબ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

4. ફરિયાદ પક્ષ તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રીએ ફરિયાદ પક્ષનો પુરાવો પુરો થયાની મૌખિક જાહેરાત કરતાં આ કામે રેકર્ડ ઉપર પુરાવો ધ્યાને રાખતાં આરોપીનું ભારતીય નાગરીક સુરક્ષા

સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે જેમાં આરોપીપક્ષે પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે અને જણાવેલ છે કે તેઓની સામે ખોટો કેસ કરવામાં આવેલ છે. તેઓ નિર્દોષ છે અને છોડી મુકવા અરજ ગુજારેલ છે.

**5.** ત્યારબાદ વિ.વ.શ્રી.ઓની દલીલો સાંભળવામાં આવેલ છે. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી દ્વારા આરોપીને સખ્તમાં સખ્ત સજા કરવા અરજ કરેલ છે. બચાવપક્ષ તરફે વિ.વકીલશ્રી દ્વારા ખુબજ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ પુરવાર કરી શકેલ નથી. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવા અરજ કરેલ છે.

**6.** સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલા દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવા,ફરિયાદ પક્ષના કેસની હકીકતો, કાયદાકીય જોગવાઈઓ વગેરે ધ્યાને લઈ સદર કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે

**6.1.** શું ફરિયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તારીખ ૧૬/૦૮/૨૦૨૫ ના રોજ કલાક ૧૨:૪૦ વાગે આ કામના આરોપીએ મોજે. બારીઆ રોડ પીપલોદ સરકારી દવાખાને પો રોડ ઉપર પોતાના કબજા કબજાની થ્રી વ્હીલર રીક્ષા નં. જી.જે.૨૩.વાય.૩૦૮૦ નો ટ્રાફીક થાય તે રીતે તથા આવતા જતાં રાહદારીઓને અડચણ થાય તે રીતે રોડ ઉપર ઉભી રાખી પકડાઈ જઈ ગુનો કરી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલો છે?

**6.2.** શું અંતિમ હુકમ ?

**7.** ઉપરોકત મુદ્દાઓના મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

**7.1.** નકારમાં,

**7.2.** આખરી હુકમ મુજબ.

<u>–: નિર્ણયો માટેના કારણો :–</u>

**8.** મુદ્દા નં. ૧ વિશે ચર્ચા :–

**8.1.** આ કામે આરોપી સામે બી. એન. એસ.ની કલમ–૨૮૫ મુજબનો ગુનો આક્ષેપાયેલ છે. જેની સાબિતી માટે ફરિયાદ પક્ષે કુલ ૩ સાહેદોને તપાસવામાં આવેલ છે. બી. એન. એસ.ની કલમ–૨૮૫ ની સાબિતી માટે ફરિયાદ પક્ષે આ કામના આરોપીએ

પોતાનું વાહન આવતા જતાં વાહન ચાલકોને તથા રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખેલ હતુ તેવું સાબિત કરવાનું રહે છે.

<u>-: ફરિયાદ પક્ષનો પુરાવો અને તેનું મુલ્યાંકન:-</u>

**8.2.** હવે, હાથ ઉપરના કેસના તથ્યો તરફ વળીએ તો આ કામના ફરિયાદીએ એ મુજબનો આક્ષેપ કરેલ છે કે આ કામના આરોપીએ બનાવવાળી જગ્યા, સમય અને સ્થળે પોતાના કબજાની થ્રી વ્હીલર રીક્ષા નં. જી.જે.૨૩.વાય.૩૦૮૦ ને જાહેર રોડ ઉપર આવતાં જતાં આવતા જતાં વાહન ચાલકોને તથા રાહદારીઓની અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખી પકડાઇ જઇ ગુનો કરેલ છે. જે બાબતે રેકર્ડ ઉપર રજુ ફરિયાદી તથા તથા પંચસાહેદોની જુબાની તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેવામાં આવે તો આ કામે તપાસવામાં આવેલ તમામ સાહેદો પોલીસ કર્મચારી છે. તેમજ આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદો પંચનામાને સમર્થન કરેલ નથી. તેમજ આ કામે આંક-૧૦ થી તપાસવામા આવેલ ફરીયાદી ઈશ્વરભાઈ સોનીયાભાઈ ભરવાડ નાઓ પોલીસ કર્મચારી હોય તેઓએ રેકર્ડ મુજબની જુબાની આપેલ છે. તેમજ સદર કામે ફરિયાદી છે. તેમની ઉલટ તપાસમાં એ વાત કબુલ રાખેલ છે કે બનાવવાળી જગ્યાએ હાઈવે રોડ આવેલ છે અને ત્યાંથી ઘણાબધા વાહનો તથા માણસો પસાર થય છે તથા તેમની ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી તથા વાહન રોડથી કેટલા ફુટ રોડની અંદર અડચણરૂપ થાય તે રીતે ઉભુ રાખેલ હતુ તે તેમની ફરીયાદમાં જણાવેલ નથી તથા પંચનામુ કર્યાબાદ ફરીયાદ આપેલી. આમ, ફરિયાદીની જુબાની પરથી આરોપીની ઓળખ પ્રસ્થાપિત થાય છે. પરંતુ આરોપી પોતાના કબજાના વાહનને આવતા જતાં વાહન ચાલકોને તથા રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે ઉભુ રાખેલ હોય તે બાબત સાબિત થતી નથી અને તેથી ફરિયાદીની જુબાની ઉપરથી આરોપી સામેના આક્ષેપો શંકાથી પર સાબિત થતાં હોય તેવું જણાય આવતું ન હોય ત્યારે રજુ થયેલ પંચનામા અને ફરિયાદના આધારે આરોપીને દોષિત ઠરાવી શકાય નહી.

**9.** આમ, આ કામના આરોપી સામે આક્ષેપાયેલ ગુનો ફરિયાદ પક્ષ શંકાથી પર સાબિત કરી શકેલ ન હોય મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અન્વયે આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>–:: આખરી હુ ક મ ::–</u>**

1. આ કામના આરોપી **લક્ષ્મણભાઈ મોહનભાઈ પટેલ, ઉ.વ. ૪૭, રહે. હીન્દોલીયા, ખેડી ફ., તા.દેવગઢબારીઆ, જી.દાહોદ નાઓને** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ–૨૭૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૨૮૫ મુજબનાં ગુનાના કામે શંકાનો લાભ આપી નીર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.
2. ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ– ૪૮૧ મુજબ આરોપીએ આપેલ જામીન ૬ મહિના સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**ચુકાદો:– આજરોજ તા. ૦૭ મી માહે – માર્ચ– સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ– ૦૭/૦૩/૨૦૨૬.**

**સ્થળઃ – દેવગઢ બારીઆ**

**( સંજયકુમાર ઓ. ગર્ગ )**
**એડી. જ્યુડી. મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**
**દેવગઢ બારીઆ**
**કોડ નં. જીજે૦૧૭૩૮.**